
# મિણીયાવાળી છતના મકાનો શહેરી ગાંધીનગરમાં ગુજરાતની સરખામણીએ વધુ

**એક પૂર્વ સંસદીય સચિવ તો સરકારી બંગલાના એવા પ્રેમમાં પડ્યા કે વતનમાં અદ્લોદ્લ એ જ ડિઝાઈનનો બંગલો બનાવ્યો**

વિકસિત નગરોની ગણતરી કરવામાં આવે અથવા તો રસ્તા અને મકાનોની દૃષ્ટિએ ગુજરાતનું કયુ નગર શ્રેષ્ઠ એવુ પૂછવામાં આવે તો આમ આદમીથી માંડીને ખાસ આદમી સુધીના માણસોનો લગભગ બહુમતીએ જવાબ ગાંધીનગર જ હોય. હારબંધ એક સરખા સરકારી ક્વાટર્સ કે સરકારી ઈમારતો કે ખાનગી મકાનોની ઓળખ એ ગાંધીનગરની પણ ઓળખ છે પરંતુ ગાંધીનગરના મકાનોની સ્થિતિ અને તેમાં પણ ખાસ તો મકાનની છત (સિલીંગ) કઈ સામગ્રીથી બનાવવામાં આવી છે એની જો વિગતો જોઈએ તો પરિસ્થિતિ જુદી પણ તરી આવે છે.




સેન્સસ-૨૦૧૧ શ્રૃંખલા-૨૫માં દર્શાવ્યા મુજબ ગાંધીનગરના ૫૫૫૭ મકાનો ઘાસફસ-લાકડી-પાટીયા-વાંસ અને માટીની છત ધરાવે છે. તો ૩૦૬૩ રહેણાંક પ્લાસ્ટીક અને પોલિથીનની છતવાળા છે. જ્યારે ૧ લાખ ૧૮૭૦૯ રહેણાંક ગેલ્વેનાઈઝ પતરા-ધાતુના પતરા કે એસ્બેસ્ટોસ શીટ્સની છત ધરાવે છે.

ગુજરાતની સરખામણીએ મકાનની છત એકદમ પાકી એટલે કે સિમેન્ટ કોક્રીંટની હોય એવી વિગતો ગાંધીનગર જિલ્લા (શહેર-ગ્રામ વિસ્તાર)ની ચકાસીએ તો સરાસરી ટકાવારી ગુજરાતની દૃષ્ટિએ સારી છે. પંરતુ જો ગ્રામ અને શહેરી વિસ્તારની દૃષ્ટિએ ચકાસીએ તો ગ્રામ્યકક્ષાએ નબળી સ્થિતિ છે. જે ટેબલમાં નિર્દિષ્ટ છે.

**ગાંધીનગર : મકાનની છતમાં વપરાયેલી સામગ્રી**

| | મકાનોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| કુલ મકાન | T-350,155 | 100 |
| | R-189312 | 54 |
| | U-160843 | 46 |
| ઘાસ | T-5557 | 1.58 |
| લાકડી-માટી વગેરે | R-3841 | 2.0 |
| | U-1716 | 1.00 |
| પ્લાસ્ટીક/પોલિથીન | T-3063 | 0.87 |
| | R-1250 | 0.66 |
| | U-1813 | 1.21 |
| હસ્ત નિર્મિત ટાઈલ્સ | T-13225 | 3.77 |
| | R-11293 | 6.0 |
| | U-1932 | 1.20 |
| મશીન નિર્મિત ટાઈલ્સ | T-15519 | 4.32 |
| | R-13846 | 7.31 |
| | U-1673 | 1.04 |
| પાકી ઈંટો | T-3445 | 0.98 |
| | R-1671 | 0.88 |
| | U-1774 | 1.10 |

● અનુસંધાન પાન-૭ પર

# મેઘરાજાએ ઝરમર હેત વરસાવ્યુ

**નગરજનોએ ખુશનુમા મોસમનો લુત્ફ ઉઠાવ્યો : દિવસ દરમિયાન આકાશમાં અંગડાઇ લેતા વાદળો વચ્ચે ઝરમરીયા વરસાદથી પ્રકૃતિમાં અનોખો નિખાર જોવા મળ્યો**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં આજે સવારથી જ અદભુત આકાશી નઝારો જોવા મળ્યો હતો. આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળોના લીધે મેઘરાજા જાણે શાહી સવારી કરીને આવ્યા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. પરંતુ ઘટાટોપ વાદળોના ઘેરાવા વચ્ચે મેઘરાજા માત્ર ઝરમર હેત વરસાવી અટકી ગયા હતા. દિનભર આકાશમાં અંગડાઈ લેતા વરસાદી વાદળો અને નિખરેલી હરિયાળી વચ્ચે શહેરીજનોએ પણ હીલ સ્ટેશન સમાન ભાસતા નગરમાં મોસમના લુત્ફ ઉઠાવ્યો હતો. શહેરમાં દિવસ દરમિયાન ૯ મી મી વરસાદ વરસ્યો હતો જયારે સિઝનનો વરસાદ સવા બે ઈંચ જેટલો થયો છે.



ગાંધીનગરથી મેઘરાજા રીસાયેલા હોવાનો આક્રોશ નગરજનો ઠાલવી રહયા છે. અલબત્ત ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી વરસાદ મન મુકીને વરસતો નથી આકાશમાં ઘટાટોપ વાદળોના ઘેરાવા વચ્ચે માત્ર ઝાપટા વરસાવીને અટકી જતા વરસાદને આમ નાગરિકોથી માંડી પ્રકૃતિની ગોદમાં વિહરતા મોર પણ મનભેર વરસવા માટે ટહેલ નાંખી રહયો છે. રોજબરોજ આકાશી નઝારો અદભુત વાતાવરણ સર્જે છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાવણીલાયક વરસાદ ના થતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા..!

**વરસાદની ઘટ ૬૦ ટકાને પાર કરી ગઈ તંત્ર પણ ભારે વિમાસણભરી સ્થિતિમાં**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં હજુ સુધી વાવણીલાયક વરસાદ ના વરસતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે. જિલ્લામાં વરસાદની ઘટ ૬૦ ટકાને પાર કરી ગઈ છે.

ખરીફ ઋતુના વાવેતરનો આરંભ થઈ ગયા પછી હજુ સુધી જિલ્લામાં વરસાદનું આગમન અત્યંત ધીમુ રહ્યુ છે. જેથી ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે.

જિલ્લામાં આજ સાંજ સુધીમાં ૩૧૫ મિ.મિ. વરસાદ જ નોંધાયો છે. સરારેશ ૨।। થી ૩ ઈંચ જેટલો જ થવા જાય છે. વાવણીલાયક વરસાદ માટે ઓછામાં ઓછો પાંચ ઈંચ વરસાદ જરૂરી છે.

વરસાદી માહોલ બને છે પણ વરસાદ વરસતો નથી તેથી ખેડૂતો અને લોકો પણ નિરાશામાં ગરકાવ થઈ ગયા છે. હવામાન વિભાગ દ્વારા થતી આગાહીઓ પણ લગભગ અપૂર્ણ રહેવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજથી જિલ્લામાં ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનનો આરંભ થશે

**સે-૭ની સરદાર પટેલ હાઈસ્કુલમાં રાજયના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અભિયાનનો આરંભ થશે**

ગાંધીનગર, તા.૧૫

આજથી ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનનો આરંભ થઈ રહ્યો છે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સે-૭ની સરદાર પટેલ હાઈસ્કુલ ખાતે આ અભિયાનનો આરંભ કરાવવાના છે. આ પ્રસંગે રાજયમંત્રી કાનાણી પણ હાજર રહેનાર છે.

જિલ્લાના ૩.૭૮ લાખ બાળકોને આ રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવનાર છે. આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્રએ પુરી કરી લીધી છે. જિલ્લા તંત્ર એ આ અભિયાન અંગે ૧૦ જેટલા ઉચ્ચ અધિકારીઓને લાયઝનની પણ વિશેષ જવાબદારી સોંપી છે.

ત્રણ રૂમ સિસ્ટમથી આ રસીકરણ અભિયાન હાથ ધરાવાનું છે. જેમાં પહેલા રૂમમાં બાળકની તપાસ થશે. બીજા રૂમમાં રસીકરણ કરાશે. આ રસી ખાસ તાલિમ બધ્ધ કરાયેલ કર્મચારીઓ દ્વારા આપવામાં આવશે. જિલ્લામાં ૧૯૦ કર્મચારીઓને આ માટે ખાસ તાલિમ આપવામાં આવી છે જે નોંધનીય છે.

એક મહિના સુધી ચાલનારા આ રસીકરણ અભિયાનને લઈ ખાસ કોલ્ડ ચેઈન પણ ઉભી કરવામાં આવી છે. જિલ્લામાં ત્રણ હજાર આઠસોથી વધુ સેશન કરવાનું આયોજન હોવાનું આરોગ્ય તંત્રએ સ્વીકાર્યુ છે.

બાળકના જમણા બાવડે આ રસી આપવામાં આવશે. રસીકરણ બાદ બાળકને પ્રમાણપત્ર પણ આપવામાં આવનાર છે. આ અભિયાન WHO અને યુનિસેફના પ્રતિનિધિઓની હાજરીમાં યોજાશે જે પણ એક નોંધનીય છે.

'એક દિવસ એક શાળા' એ

● અનુસંધાન પાન-૭ પર

## મનપામાં આરોગ્યની સેવાઓ નથી પણ આરોગ્યના સંકલન માટે સંકલન સમિતિ રચાશે

**આરોગ્યની ખાલી જગ્યાઓને લઈ કોઈ ઉલ્લેખ નથી તો ચૂંટાયેલા પ્રતિનિધિઓની ગેર હાજરીમાં ગુણવત્તાસભર અને સુદ્દઢ સેવાના પ્રશ્નો ચર્ચામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાને આરોગ્યની સેવાઓ સુપ્રત કરાઈ નથી પરંતુ આરોગ્ય સેવાઓ અને તેના પ્રશ્નો માટે સંકલન સમિતિની રચનાના આદેશો આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવ્યા છે.

૧૮ સભ્યોની સંકલન સમિતિ બનાવવાના કરાયેલા આ આદેશમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને સ્થાન નથી અપાયુ પણ આરોગ્ય સેવાઓ સુદઢ અને ગુણવત્તાસભર બને તે હેતુથી આરોગ્ય વિકાસ સંકુલ અને ગુણવત્તા વિકાસ વર્તુળ બનાવવામાં આવ્યુ છે તેમ આદેશમાં જણાવાયુ છે.

આ સંકલન સમિતિમાં બે બિન સરકારી સભ્યો નિમવામાં આવનાર છે પણ એન.જી.ઓ.ના પ્રતિનિધિની નિયુક્તી માટે પણ

● અનુસંધાન પાન-૭ પર




ગુજરાત સરકાર
NATIONAL HEALTH MISSION
राष्ट्रीय स्वास्थ्य मिशन
સમજદારી દાખવો! આપના બાળકનું સંપૂર્ણ રસીકરણ કરાવો

● ઓરી
● અને રૂબેલા
● રસીકરણ અભિયાન



શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન, ભારત
૧૬ જુલાઈ, ૨૦૧૮ થી પ્રારંભ
શ્રી વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી, ગુજરાત

બે બિમારીઓને હરાવીશું
આ રસી અવશ્ય અપાવીશું !
ભારતે ઓરીનું નિવારણ કરવાનો અને
રૂબેલાને નિયંત્રિત કરવાનો સંકલ્પ લીધો છે
ચાલો, આપણે ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીની વયના બાળકોને
એમઆર રસી મૂકાવવાનું સુનિશ્ચિત કરીએ

ઓરી એક ચેપી રોગ છે, જેને લીધે નીચે મુજબની સમસ્યાઓ થઈ શકે છે
- ન્યુમોનિયા
- ઝાડા
- અન્ય જીવન જોખમી સમસ્યાઓ

વિનામૂલ્યે

ગર્ભાવસ્થા દરમિયાન રૂબેલાના ચેપથી બાળક નીચેની જન્મજાત ખામીઓની સાથે જન્મી શકે છે
- અંધાપો
- બહેરાશ
- માનસિક મંદતા
- જન્મજાત હૃદયની ખામીઓ

સુનિશ્ચિત કરો કે
આપના બાળકે અગાઉ
એમઆર-એમએમઆરનો ડોઝ
પ્રાપ્ત કર્યો હોય તો પણ અભિયાનમાં
એમઆરનું વધારાનું રક્ષણ મેળવે



ઉપરોક્ત રસી આરોગ્ય ટીમ દ્વારા શાળા, આંગણવાડી
અથવા આરોગ્ય કેન્દ્રો પર સુનિશ્ચિત દિવસે આપવામાં આવનાર છે,
જેમાં સહકાર આપવા વિનંતી

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

ઓરીનું નિવારણ અને રૂબેલાનું નિયંત્રણ કરવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે
- શ્રી નીતિનભાઈ ર. પટેલ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત


# અગાઉની ત્રણ વાયબ્રન્ટ સમીટના પ્રોજેક્ટ રિપોર્ટ અધુરા અને અવાસ્તવિક જણાતાં મુખ્યમંત્રી નારાજ

**મંગળવારે મુખ્યમંત્રીના અધ્યક્ષપદે વાયબ્રન્ટ સમીટના એમ.ઓ.યુ. સંદર્ભે હાઈપાવર કમિટીની બેઠક**

ગાંધીનગર, તા. ૧૫

આગામી જાન્યુઆરી-૨૦૧૯માં વાયબ્રન્ટ સમીટ અંગેની તૈયારીઓ આરંભાઈ ચુકી છે ત્યારે વાયબ્રન્ટ-૨૦૧૩-૧૫-૧૭માં યોજાયેલ વાયબ્રન્ટ સમીટની સફળતાઓ અંગે તંત્ર અસમંજસની સ્થિતિમાં મુકાઈ ગયુ છે.

રાજ્યના ઉદ્યોગ વિભાગ સાથે સંકળાયેલા વિશ્વસનીય સાધનોના જણાવ્યાનુસાર એમ.ઓ.યુ.ના પ્રોજેક્ટના રોકાણ અને ખરેખર અપાયેલ રોજગારની વિગતો અવલોકન કરતાં અવાસ્તવિક જણાઈ આવી છે.

આ પ્રોજેક્ટો અંગે મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના ઈન્ડસ્ટ્રીયલ સેલ તરફથી દર માસે જે સમીક્ષા કરવામાં આવે છે તેમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવી છે. આ માટે તમામ જિલ્લાઓને વારંવાર જણાવવામાં આવ્યા પછી પણ રિપોર્ટની હકીકતોની સુધારણા માટે તંત્ર દ્વારા કોઈ ગંભીરતા દાખવવામાં આવી ના હોવાથી મુખ્યમંત્રીએ કેબિનેટમાં સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ૧૮મી જુલાઈના રોજ રાજયના મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે થયેલ પ્રગતિ અંગે હાઈ-પાવર કમિટીની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં એમ.ઓ.યુ. જે ત્રણ સમીટમાં થયેલા છે તેની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે. આ માટે બે થી ત્રણ વાર પત્રો પાઠવવામાં આવ્યા પછી પણ વિગતો સુધારણામાં તંત્રની ઉદાસીનતાની ગંભીર નોંધ સાથે બેઠક થશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૧૦૦ થી ૫૦૦ કરોડ સુધીના પ્રોજેક્ટોની સમીક્ષા મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ દ્વારા કરાશે જ્યારે રૂ. ૫૦૦ કરોડથી ઉપરના પ્રોજેક્ટોની સમીક્ષા મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે મળનારી કમિટીની બેઠકમાં થશે.

ખાસ કરીને અમદાવાદ-સુરત જિલ્લામાં આવા પ્રોજેક્ટો જે છે તે બાબતે હાઈ-પાવર કમિટીમાં વિશેષ ચર્ચાઓ થશે. જો કે અન્ય જિલ્લાઓની પ્રોજેક્ટો અંગે પણ ચર્ચાઓ થશે તેમાં ખાસ કરીને થયેલા રોકાણો અને અપાયેલ રોજગારીના મુદ્દાઓ પુરતી તે સિમીત રહેશે.

રાજયના ઉદ્યોગ કમિશ્નરશ્રીની ૩૧-૬-૧૮ની સ્થિતિએ જે વિગતો મુકવામાં આવી છે તેની સમીક્ષા કરી આ વિગતો સુધારણા કરવામાં આવે તેવી તાકીદ પણ કરવામાં આવી છે. ખાસ કરીને રૂર્બન અને હાઉસીંગ ક્ષેત્રોમાં બેન્કો દ્વારા કરવામાં આવેલ એમ.ઓ.યુ. અંગે રોકાણો અને અપાયેલ રોજગારીની બાબતો ચકાસી લેવા આગ્રહ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

રાજયમાં વાયબ્રન્ટ સમીટ અંગેની તૈયારીઓની પ્રાથમિક કવાયત પણ હાઈપાવર કમિટીના એજન્ડામાં રહેશે તેમ મનાઈ રહ્યુ છે. આ વાયબ્રન્ટ સમીટ અત્યંત મહત્વની હોવાથી હવે સરકારે તેનું સંપૂર્ણ ધ્યાન તે માટે કેન્દ્રીત કર્યુ છે. તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.


તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે
1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફિસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી,
સરગાસણ, કુડાસણ, રાયસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE ૯૩૨૮૮ 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com